# સમર કેમ્પ

**તા. ૩૦/૪/૨૪ થી ૩/૫/૨૪ :** શાળાનાં વેકેશનમાં સમયનો સદ્ઉપયોગ થાય, બાળકો પ્રવૃત્તિશીલ રહે અને વિવિધ વિષયોનું મનોરંજનપૂર્વક જ્ઞાન મેળવે, નિપૂણતા કેળવે એ હેતુસર શાળામાં **નિ:શુલ્ક સમર કેમ્પ** યોજવામાં આવ્યો. આ સમર કેમ્પના ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાતી સાહિત્યમાં ''અફસોસ ઈખરવી'' ઉપનામથી જાણીતા થયેલા કવિ-ગઝલકાર અને શિક્ષક તરીકે સેવા બજાવી ચૂકેલ **મા.શ્રી કે. કે. રોહિત સાહેબ** ઉપસ્થિત રહ્યાં હતાં. આ સમર કેમ્પમાં વિવિધ વિષયોનાં તજજ્ઞશ્રીઓ દ્વારા એરોબીકસ પ્રવૃત્તિ, કરાટે, સાયન્સ ફન ગેમ, અંગ્રેજી સ્ટોરી ટેલિંગ, ક્રાફટ, ગાણિતિક નમૂના, મહેંદી ડિઝાઇન, નેઇલ આર્ટ, રોલ પ્લે, પૌષ્ટિક વાનગીઓ જેવા વિવિધ વિષયલક્ષી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. આ સમર કેમ્પમાં ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમનાં ધો. ૪ થી ૮ નાં ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ઓનલાઇન ગૂગલ ફોર્મની લીક પર રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

**સમર કેમ્પનાં સમાપન સમારોહમાં ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારી શ્રીમતી સ્વાતિબા રાઓલ** ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમને પ્રસંશનીય ગણાવી બિરદાવ્યો હતો. તેમણે પોતાના વકતવ્ય થકી બાળકોને જીવનમાં આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતાં. તેમણે જણાવ્યું કે, આવા કાર્યક્રમો બાળકની સુષુપ્ત શકિતને ઉજાગર કરે છે. **શિબિરનાં છેલ્લા દિવસે ડૉ. રોશની દવે (સ્ત્રી આરોગ્ય કેન્દ્ર)** દ્વારા વિદ્યાર્થીઓને ઝુમ્બા અને યોગ પ્રવૃત્તિઓ, **પાયલ જાદવ દ્વારા મહેંદી ડિઝાઇન તથા કોમલ મહેતા દ્વારા નેઇલ આર્ટ** શીખવવામાં આવ્યા હતા.

ઉપસ્થિત મહેમાનશ્રીઓએ સૌ બાળકોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતાં. શાળાનાં શિક્ષકો ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ, ભકિતબેન, અરવિંદભાઇ પરમાર, મનાલીબેન રાણા, સોનલબેન વાઘ, એલ.ડી. ભારદ્વાજ, રજનીબેન, મોહિનીબેન, હિનાબેન, શીલાબેન, ચીમનભાઇ, કૌશિકભાઇ, શૈલેન્દ્રસિંહ વગેરે એ તજજ્ઞ તરીકેની સેવા આપી હતી.

આ સમર કેમ્પનું સંચાલન શ્રીમતિ વિદ્યાબેન રાણા (આચાર્યા અં.મા.), શ્રી જિજ્ઞેશભાઇ જોષી (આચાર્ય નોન-ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.) તથા શિક્ષકશ્રી અરવિંદભાઇ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

| ક્રમ | સમય | ૩૦-૪-૨૦૨૪ | ૧-૦૫-૨૦૨૪ | ૨-૦૫-૨૦૨૪ | ૩-૦૫-૨૦૨૪ |
|---|---|---|---|---|---|
| ૧ | ૮:૦૦ થી ૮:૧૫ | સમર કેમ્પ ઉદ્‌ઘાટન | એરોબીકસ પ્રવૃતિ - મનાલીબેન રાણા | એરોબીકસ પ્રવૃતિ - શિલાબેન | ઝુમ્બા યોગ - રોશની દવે (૮:૧૫ થી ૮:૩૦) |
| ૨ | ૮:૧૫ થી ૮:૪૫ | સમારોહ | સાયન્સ ફન ગેમ - એલ.ડી. ભારદ્વાજ | કરાટે - રામ નિઝામા | પૌષ્ટિક વાનગી - પૂર્વાબેન પ્રજાપતિ (૮:૩૦ થી ૯:૦૦) |
| ૩ | ૮:૪૫ થી ૯:૧૫ | ભાવગીત - ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ | સ્ટોરી ટેલીગ/ ક્રાફટ રજનીબેન/ મોહિનીબેન | ભજન-દોહા-છંદ-ચોપાઇ -ચીમનભાઇ | મહેંદી ડિઝાઇન - પાયલ જાદવ (૯:૦૦ થી ૯:૩૦) |
| ૪ | ૯:૩૦ થી ૧૦:૧૫ | રોલ-પ્લે - અરવિંદભાઇ પરમાર | કમ્પ્યુટર કી બાતે -સોનલબેન | સાયન્સ ફન -કૌશિકભાઇ | નેઇલ આર્ટ - કોમલ મહેતા (૯:૩૦ થી ૧૦:૧૫) |
| ૫ | ૧૦:૧૫ થી ૧૧:૦૦ | ગાણિતિક નમૂના - ભકિતબેન | વિજ્ઞાન ગાથા -હિનાબેન | -સાંગિક રમતો - શૈલેન્દ્રસિંહ | પૂર્ણાહૂતિ સમારોહ |








# શાળાનાં તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ તથા પારસમણિ પ્રોજેક્ટ અંક-૫ વિશેષાંકની વિમોચન વિધિ સમારોહ

**તા. ૧૦/૮/૨૪ :** શાળાનાં વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોનું જ્ઞાન સંપાદિત થાય, અલગ-અલગ વ્યક્તિત્વ વિશેષની મુલાકાત થાય, તેવા શુભાશય સહિત શાળાએ યોજેલ **પારસમણિ પ્રોજેક્ટ અંક-૫ જેમાં ધો. ૬ થી ૧૨ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમનાં ૧૧૯૧ વિદ્યાર્થીઓએ ૪૫ વિભિન્ન પ્રકારનાં વ્યવસાયનાં ૧૩૮૮ સફળ મહાનુભવોનાં ઇન્ટરવ્યૂ લીધાં છે.** તે અંતર્ગત પારસમણિ ભાગ-૫ વિશેષાંકની વિમોચન વિધિ સાથે શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનાં સન્માન સમારોહ યોજવામાં આવ્યો.

આ સમારોહનાં **મુખ્ય મહેમાન તરીકે મા.શ્રી ભાનુપ્રસાદ રાજગોર સાહેબ** (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનાં સંયુક્ત નિયામક), શાળાના ભૂ. પૂ. શિક્ષક **મા.શ્રી સુરેન્દ્રસિંહ દામા** (દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી), **મા.શ્રી દિવ્યેશભાઇ પરમાર** (ભરૂચ જિલ્લા શિક્ષણ નિરીક્ષક), **મા.શ્રી અજિતભાઇ મકવાણા** (મદદનીશ શિક્ષણ નિરીક્ષક), **મા.શ્રી હેમંતભાઇ આર. પ્રજાપતિ** (ચેરમેન નારાયણ વિદ્યાલય, ભરૂચ) ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યક્રમમાં S.S.C. બોર્ડ (ગુ.મા. અને અં.મા.) માં A1 ગ્રેડ પ્રાપ્ત કરનાર ૧૭ વિદ્યાર્થીઓ તથા ગણિતમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ, H.S.C. બોર્ડ વિજ્ઞાન પ્રવાહ તથા કોમર્સનાં શાળામાં ઊંચું પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ તથા શાળાની વાર્ષિક પરિક્ષામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને મહેમાનશ્રીઓનાં હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતાં. સાથે વર્ષ ૨૦૨૩-૨૪ માં ૧૨ કોમર્સ (ગુ.મા.,અં.મા.) નું ૧૦૦% પરિણામ આવવા બદલ શાળાનાં કોમર્સ વિભાગનાં શિક્ષકોને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ સાથે પારસમણિ અંક-૫ ની વિમોચન વિધિ કરવામાં આવી. આ પ્રસંગે શાળાનાં ભૂતપૂર્વ શિક્ષક કે જેમણે ઉત્તરોત્તર પ્રગતિ કરી હાલમાં દાહોદ શિક્ષણાધિકારી તરીકે કાર્યરત છે, તેવા મા.શ્રી સુરેન્દ્રસિંહ દામાને સન્માનિત કરાયાં હતાં.



પારસમણિ પુસ્તકનાં વિમોચન સાથે **મા.શ્રી રાજગોર સાહેબે** પોતાનું વકતવ્ય કરતા જણાવ્યું કે, વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે નારાયણ વિદ્યાલય જીવતી જાગતી પ્રયોગશાળા છે. આ પ્રયોગશાળામાં નવતર પ્રયોગ થકી વિદ્યાર્થીઓને જીવનનાં સંઘર્ષો માટે તૈયાર કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું કે, અડગ મનનાં માનવીને હિમાલય પણ નડતો નથી. મનોબળ મજબૂત હોવું જોઇએ. પ્રબળ પુરૂષાર્થ કરવા છતાં ઘણીવાર નિષ્ફળતા મળે છે. નિષ્ફળતાથી હતાશ થવાની જરૂર નથી.

**''મને મળી નિષ્ફળતાઓ અનેક, તેથી થયો જીંદગીમાં સફળ''. નિષ્ફળતા મળવા છતાં જે સતત પ્રયત્નો ચાલુ રાખે છે તે જ સાચો સફળ વ્યક્તિ છે.**

આ સાથે ઉપસ્થિત મહેમાનશ્રી **દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરેન્દ્રસિંહ દામા** સાહેબ કે જેઓ શાળાના ભૂ.પૂ. શિક્ષક હતા. તેઓએ વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા જણાવ્યું કે જીવનમાં સફળતા મેળવવા માટે અથાગ મહેનત જરૂરી છે. જીવનપર્યંત સતત શીખતા રહેવું જોઇએ. શીખેલું કયાંય ફોગટ જતું નથી. તેમણે વિદ્યાર્થીને સમયની કદર કરવા અને મળેલી તકને ઝડપી લેવા અનુરોધ કર્યો. સમયનો સદ્ઉપયોગ કરી જીવનમાં આગળ વધવું જોઇએ.

**ભરૂચ જિલ્લા શિક્ષણ નિરીક્ષકશ્રી દિવ્યેશભાઇ પરમારે** વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં જણાવ્યું કે, વિદ્યાર્થીઓની અપાર શકિતઓનું સન્માન થતું રહેવું જોઇએ. શાળા દ્વારા આપવામાં આવતા શિલ્ડ અને પ્રમાણપત્રો વિદ્યાર્થીને શ્રેષ્ઠ કાર્ય કરવા પ્રેરિત કરે છે. પારસમણિ અંક-૫ એ વિદ્યાર્થીઓને સૈધ્ધાંતિક જ્ઞાન સાથે પ્રયોગિક જ્ઞાન પણ આપે છે. આ પ્રોજેકટથી વિદ્યાર્થીઓ ઘણું શીખ્યાં છે. તેઓ જીવનમાં શ્રેષ્ઠ બને તેવા શાળાનાં પ્રયત્નો હંમેશા રહ્યાં છે.

આ પ્રસંગે ઉપસ્થિત શાળાના **ચેરમેનશ્રી મા.શ્રી હેમંતભાઇ આર. પ્રજાપતિ**એ પારસમણિ પ્રોજેકટની મહત્તા સમજાવતાં કહ્યું કે, **''વિદ્યાર્થીઓને આગળ વધારવાનો, સફળ કારકિર્દી બનાવવાનો પ્રયાસ એટલે પારસમણિ પ્રોજેકટ''.** તેમણે વિદ્યાર્થીઓને પ્રેરણા આપતાં કહ્યું કે, દરેક વ્યકિતના જીવનમાં સમસ્યાઓ હોય છે. તેનાથી નાસીપાસ ન થવું. દરેક સમસ્યાનું નિરાકરણ હોય છે. જરૂર છે સમાધાન શોધવાની.''

**પારસમણિ પ્રોજેક્ટ અંક-૫ નાં મુખ્ય કો-ઓર્ડીનેટર શ્રીમતી કંચનબેન પરમારે (સુપ. ઉ.પ્રા.વિ. ગુ.મા.) પારસમણિ પ્રોજેકટની ઝાંખી કરાવી, તેનું મહત્વ જણાવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાનાં ડાયરેકટ શ્રી ભગુભાઇ પ્રજાપતિ સાહેબના માર્ગદર્શન હેઠળ શ્રીમતી બિનીતાબેન ગોહિલ (આચાર્યા, ગ્રાન્ટેડ વિભાગ), શ્રીમતી વિદ્યાબેન રાણા (આચાર્યા, અં.મા.), શ્રી જિજ્ઞેશભાઇ જોષી (આચાર્ય, નોન ગ્રાન્ટેડ વિભાગ-ગુ.મા.), શ્રીમતી ઉન્નતિબેન પટેલ (સુપ. કોમર્સ વિભાગ ગુ.મા.) નાં સહયોગથી કરવામાં આવ્યું હતું.**